જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૫/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૩૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૨ લીટર દેશી દારૂ, ૩૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૪/૧૭**

**કૃષ્ણનગરઃ** કનૈયાલાલ રામચંદ કુકરેજા (રહે. ગગી મહારાજની ચાલી જુનીચાલી પાસે સૈજપુર કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૫/૧૭ કલાક ૦૦/૩૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૬ કિમત રૂપિયા ૯૦,૦૦૦/-, સોનાની વિંટી નંગ-૩ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૫/૧૭**

**શાહપુરઃ** રૂપાગીબહેન કે. શાહ (રહે.વનમાળી વાકાની પોળ શાહપુર)એ અગમ્ય કારણસર તા.૨૮/૫/૧૭ નારોજ ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે પલ્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૫/૧૭ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**કાગડાપીઠઃ** ભરતભાઇ અમરશીભાઇ ચુનારા (ઉ.વ.૫૪) (રહે. ચુનારાવાસ રૂગનાથપુરાની પીઠ રાયપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બાથરૂમમાં આત્મહત્યા કરી હતી આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટવરભાઈ હરજીભાઈ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભાવેશ ચંદુભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે, રસુલ ખાનની ચાલી કેલીકો મીલ પાસે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૭ કલાક ૮/૧૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ પશ્ચીમ તરફના છેડે ઇવેન્ટ સેન્ટર પાછળ ઘાટ નંબર-૯ સીડી નંબર-૪૨ પાસે ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.